HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
July 12-15, 2022
INDIA EXPO CENTRE, GREATER NOIDA, DELHI NCR

NEWS 1

A TEXZONE Event
www.hghindia.com

Where business feels at home!

# બજારોમાં તેજી, વેપારમાં વૃદ્ધિ!

છેલ્લા બે વર્ષથી આરોગ્ય અને સ્વચ્છતાના ડરમાંથી બહાર આવ્યા પછી ઉપભોક્તાઓ મહામારીના નિયંત્રણો તોડતા રિટેલ બજારો વધારે માગ અને વધારે વેચાણ સાથે તેજીમાં હોય એવું જણાય છે. હોમ કેટેગરીમાં ઉત્પાદનો ખાસ કરીને સતત સારી માગનો અનુભવ કરે છે, જેનાથી રેટિલર્સ, બ્રાન્ડ્સ અને ઉત્પાદકોનો ઉત્સાહ વધ્યો છે.

સંપૂર્ણપણે ફર્નિશિંગ ફેબ્રિક્સ, બેડ એન્ડ બાથ, મેટ્રેસ્સીસ એન્ડ પિલો, રગ્સ અને અન્ય મોટા ભાગના હોમ ટેક્સટાઇલ્સે થોડી સાતત્યતા સાથે છેલ્લાં ત્રણ ત્રિમાસિક ગાળામાં સારું વેચાણ કર્યું છે. કેટલાંક રિટેલર્સ માટે આ તેમના સ્ટોરના વેચાણમાં અત્યાર સુધીનો સૌથી સારો ગાળો રહ્યો છે. ચેન્નાઈમાં વિશ્વેષ ટેક્સટાઇલ્સના ડિરેક્ટર સનત પટેલે કહ્યું હતું કે, "ચાલુ વર્ષે ઓક્ટોબરથી માર્ચ મહિના સુધી અતિ સારાં વેચાણ પછી એપ્રિલ અને મે મહિનાઓમાં આંશિક ઓછા વનેચાણ માટે મુખ્ય કારણ એ છે કે, આ મહિનાઓમાં શાળાઓમાં વેકેશન હતું અને બે વર્ષ પછી લોકોને ઘરમાંથી બહાર નીકળવાની તક મળી હતી અને તેમણે વ્યવસ્થિત વેકેશનની મજા માણી હતી! આ માગ જુલાઈથી ફરી વેગ પકડશે અને અમને દિવાળીની સિઝન સારી રહેવાની અપેક્ષા છે."

મુંબઈમાં ૧૦ હાઉસવેર સ્ટોર્સની અગ્રણી ચેઇન વન સ્ટોપના ડિરેક્ટર જયેશ દેઢિયાએ કહ્યું કે, "છેલ્લાં ૭થી ૮ મહિનામાં મે મહિનાના થોડા દિવસોને બાદ કરતા વ્યવસાય બહુ સારો રહ્યો છે. મે મહિનાના થોડા દિવસોમાં હોલિડેની અસર જોવા મળી હતી. મારું માનવું છે કે, વ્યવસાયે વેગ પકડ્યો છે અને અમને દિવાળીની આગામી સિઝન બહુ સારી રહેવાની અપેક્ષા છે." એ જ રીતે હૈદરાબાદના દર્પણ ફર્નિશિંગના મેનેજિંગ ડિરેક્ટર સુલેમાન હિરાણી બહુ આશાવાદી છે. તેમણે કહ્યું કે, "છેલ્લાં થોડાં મહિનાઓ દરમિયાન અમે અમારા કામગીરીના ઇતિહાસમાં કદાચ સારામાં સારો વેપાર કર્યો છે. ચોક્કસ, આયાત વધારે મોંઘી અને વધારે મુશ્કેલ થવાથી પુરવઠાની સમસ્યા મોટી છે. જો અમારી પાસે અમારા સ્ટોર્સમાં વધારે ઉત્પાદનો અને વધારે ઇનોવેશન હોત, તો વેચાણમાં વધુ વધારો થયો હતો." મુંબઈના સરપ્રાઇઝના ડિરેક્ટર નીરવ મેસ્વાણીએ વિશ્વાસ અને સકારાત્મક દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, "અમે રિટેલ સેગમેન્ટમાં વેચાણ અને મુલાકાતીઓની દ્રષ્ટિએ સાતત્યતા અને સાધારણ સ્થિતિ તરફ પરત ફરવા તરફ અગ્રેસર છીએ. કશું ખોટું ન થાય એમ ધારીને મને દિવાળી સુધીના મહિનાઓમાં હોમ સેક્ટરમાં ખર્ચમાં વધારાની અપેક્ષા છે અને હાલ HGH ઇન્ડિયા શૉ ચાલુ વર્ષે સારામાં સારા સમયે યોજાયો છે."




મુંબઈ, દિલ્હી, કોલકાતા, બેંગાલુરુ, હૈદરાબાદ, અમદાવાદ, જયપુર, લુધિયાણા, પૂણે અને ઇન્દોરમાંથી પ્રાપ્ત થયેલા અહેવાલોમાં વ્યવસાયો સારો થયો હોવાનું સેન્ટિમેન્ટ જોવા મળે છે. ઘણા ટિઅર ૨ અને ટિઅર ૩ શહેરો અને નગરોમાં અર્ધશહેરી ઉપભોક્તાએ તેમના ઘરોમાં સુશોભન પર ખર્ચ વધારતા સારું વેચાણ જોવા મળ્યું છે. HGH ઇન્ડિયા ૧૨થી ૧૫ જુલાઈ, ૨૦૨૨ સુધી ઇન્ડિયા એક્સ્પો સેન્ટર, ગ્રેટર નોઇડામાં યોજાશે, જેની રિટેલર્સ, વિતરકો, હોલસેલર્સ અને સંસ્થાગત ગ્રાહકો તેમના હાલના અને નવા સપ્લાયર્સ પાસેથી ઇનોવેટિવ ઉત્પાદનોનો નવો પુરવઠો મેળવવા આતુર છે.

મોટા ભાગના રિટેલર્સ માટે પુરવઠો મોટો પડકાર છે. યુક્રેન યુદ્ધની સ્થિતિના કારણે કપાસની કિંમતમાં વધારો, ઇંધણના ખર્ચમાં વધારો, કાચા માલના આંતરરાષ્ટ્રીય પુરવઠામાં વિક્ષેપ અને નિર્મિત ચીજવસ્તુઓના પુરવઠામાં વિક્ષેપ, કન્ટેઇનર ખર્ચમાં વધારો, ચીનમાં પુરવઠાની સાંકળમાં વિક્ષેપ – આ તમામ પરિબળોએ રિટેલ સ્ટોરમાં ચીજવસ્તુઓની ઉપલબ્ધમાં અનિયમિત ઊભી કરી છે અને કિંમતોમાં ઝડપથી વધારો થયો છે. તમામ કેટેગરીમાં રિટેલર્સ તેમનો પુરવઠો જાળવી રાખવા આ પડકારોનો સામનો કરી રહ્યાં છે, જેથી તેમને તેમના સ્ટોર્સમાંથી ગ્રાહકો અને વ્યવસાય ન ગુમાવવા પડે. ઘણા રિટેલર્સ અને વિતરકોએ ભારતમાં પુરવઠાની સાંકળ સાથે સંબંધ સ્થાપિત કરીને આયાતી ઉત્પાદનો પરની નિર્ભરતામાં ઘટાડો કરવાનો ઇરાદાપૂર્વકનો નિર્ણય લીધો છે. ભારતીય બ્રાન્ડ્સ અને ઉત્પાદકોએ ગુણવતામાં મોટો સુધારો કરતાં અને ડિઝાઇન ઇનોવેશમાં વધારો કરવાથી પણ આ પ્રક્રિયામાં મદદ મળી છે. HGH ઇન્ડિયા ૨૨ ફર્નિશિંગ ફેબ્રિક્સ, બ્લાઇન્ડ્સ, બેડ એન્ડ બાથ, ડેકોરેટિવ મેડ-અપ્સ, ટેબલ એન્ડ કિચન લિનેન, રગ્સ એન્ડ કાર્પેટ, વોલપેપર, વૂડન એન્ડ સિન્થેટિક ફ્લોરિંગ્સ, ડેકોરેટિવ એક્સેસરીઝ, હેન્ડિક્રાફ્ટ્સ, કિચનવેર, કૂકવેર, ગ્લાસવેર, ટેબલવેર, પ્લાસ્ટિકના ઉત્પાદનો, બાળકોની હોમ પ્રોડક્ટ્સ અને વિવિધ પ્રકારની ભેટ જેવી કેટેગરીઓમાં પોતાનો પુરવઠો સ્થિર કરવાની અને કેટલાંક નવીન ઉત્પાદનો જોવાજાણવા ટ્રેડ માટે એક સારી તક પૂરી પાડશે. ૩૦ દેશોમાંથી ૪૦૦થી વધારે બ્રાન્ડ અને ઉત્પાદકો પાસેથી ઇનોવેશન્સ તથા સમગ્ર ભારતમાંથી તમામ મુખ્ય ઉત્પાદન અને નિકાસ કેન્દ્રોમાંથી ઉત્પાદકો HGH ઇન્ડિયા ૨૦૨૨માં તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરશે.

આગામી ૩થી ૫ વર્ષ માટે મોટા ભાગનાં હોમ કેટેગરી ઉત્પાદનો માટેની માગમાં ૨૦ ટકાથી વધારે વૃદ્ધિની ધારણા સાથે ભારતીય બજાર વિકાસના માર્ગે અગ્રેસર છે. આ વધતી તકનો શ્રેષ્ઠ લાભ લેવા HGH ઇન્ડિયામાં સામેલ થવા તમે તૈયાર છો ને?

ઇનોવેશન્સ ■ ટ્રેન્ડ્સ ■ ઉત્પાદનો ■ સોર્સિંસ ■ તકો

World of Sleep
a joint initiative by HGH INDIA | ISPF

# નિદ્રાના શ્રેષ્ઠ વિચારો સાથે વર્લ્ડ ઓફ સ્લીપનું પુનરાગમન

ગઈ એડિશનમાં HGH ઇન્ડિયા દ્વારા આઇએસપીએફ (ઇન્ડિયન સ્લીપ પ્રોડક્ટ્સ ફેડરેશન) સાથે જોડાણમાં પ્રસ્તુત વર્લ્ડ ઓફ સ્લીપને મુલાકાતીઓ પાસેથી ખાસ કરીને મેટ્રેસ્સ રિટેલર્સ પાસેથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળ્યાં પછી આ વિભાવનાને આગળ વધારવામાં આવશે. વર્લ્ડ ઓફ સ્લીપમાં નિષ્ણાતો આપણા સ્વાસ્થ્યને ઊંઘની ગુણવત્તા કેવી રીતે અસર કરે છે અને ગુણવત્તાયુક્ત ઊંઘ સાથે સારું સ્વાસ્થ્ય કેવી રીતે હાંસલ થશે એના પર માર્ગદર્શન આપશે. વર્લ્ડ ઓફ સ્લીપ ઇનોવેશન તેમજ ઉત્પાદનો અને સામગ્રીમાં નવા ટ્રેન્ડ પર જાણકારી અને માહિતી પણ આપશે, જેનાથી વધારે સારી ઊંઘ મેળવવામાં મદદ પ્રાપ્ત થશે. એમાં લાઇટ, હવાની ગુણવત્તા, રુમનું તાપમાન, દિવાલના રંગો, એરોમા અને ફ્રેગ્રન્સ જેવા પાસાં ઊંઘની ગુણવત્તામાં પ્રદાન કરે છે એના પર સંશોધન તારણો પણ રજૂ કરવામાં આવશે. ચોક્કસ, વર્લ્ડ ઓફ સ્લીપમાં નિષ્ણાતો બેડ, મેટ્રેસ્સીસ, પિલો, બેડ શીટ અને કમ્ફર્ટર્સ જેવા સારી ઊંઘ માટે મૂળભૂત પાસામાં લેટેસ્ટ ઇનોવેશન અને સુધારા વિશે પણ જણાવશે.





Springfit

ઉપભોક્તામાં ઊંઘની સારી ગુણવત્તાના સ્વાસ્થ્યને થતાં ફાયદા પર જાગૃતિ વધાવાની સાથે સતત ઇનોવેશનને વેગ મળ્યો છે. સ્લીપવેલ, કિંગ કોલી, નીલકમલ, સેન્ચુરી, સ્પ્રિંગફિટ, રિફ્રેશ, એમ એમ ફોમ અને અન્ય ઘણી અગ્રણી બ્રાન્ડ મેટ્રેસ્સીસ, પિલો, બેડ, કમ્ફર્ટર્સની તેમની લેટેસ્ટ રેન્જ રજૂ કરશે. નવા સંયોજનામાં મેમેરી ફોમ, બોક્ષ સ્પ્રિંગ, લેટેક્સ, કોઇર, પીયુ ફોમથી લઈને ઘણી અધતન કૃત્રિમ અને કુદરતી સામગ્રીઓ જેમ કે, જેલ, પાણી, હવા, કપાસ, વૂડન સ્પ્રિંગ્સનો હવે સ્વસ્થ અને વધારે સુવિધાજનક ઊંઘમાં નવા અનુભવો આપવા ઉપયોગ થાય છે.

જ્યુમેક્સ જેવા નવી કંપનીઓના ઉત્પાદનો જોવા રસપ્રદ બનશે, જેણે આ HGH ઇન્ડિયામાં ઊંઘના અતિ નવીન વિચારો પ્રસ્તુત કરવાની ખાતરી આપી છે.

HGH ઇન્ડિયામાં હોલ ૧૪માં વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયન મેટ્રેસ્સીસ અને સ્લીપ ઉત્પાદનો સાથે જોડાયેલા તમામ રિટેલર્સ, વિતરકો તથા  સંસ્થાગત ગ્રાહકો માટે મુલાકાત લેવા જેવું પોઇન્ટ છે, જેમાંથી તેમને આ સેગમેન્ટમાં ભવિષ્યના વ્યવસાયના વિચારો માટે દિશા મળશે. આ રિટેલર્સને તેમના હાલના સ્ટોર્સમાંથી મેટ્રેસ્સીસ, પિલો અને અન્ય સ્લીપ પ્રોડક્સનાં વેચાણ વધારે સારી રીતે સજ્જ થવા મદદરૂપ પણ થશે.

# લીડર્સ નવી કૂકવેર સ્ટોરી પ્રસ્તુત કરે છે...

કૂકવેર સેગેમેન્ટમાં કેટલીક અગ્રણી આંતરરાષ્ટ્રીય અને ભારતીય બ્રાન્ડ્સ તથા નવી કંપનીઓ ભારતના ઝડપથી વૃદ્ધિ કરતાં બજારમાં પોતાનો હિસ્સો વધારવા આતુર છે. પરિણામે ડિઝાઇનોમાં સતત ઇનોવેશન થયું છે, ઉત્પાદનની ખાસિયતોમાં સુધારો થયો છે અને તમામ કિંમતોના સેગમેન્ટમાં ગુણવત્તા વધી છે. યુવાન ભારતીય ઉપભોક્તાઓ તેમની જીવનશૈલીમાં ફિટ પર્યાવરણને અનુકૂળ, ઊર્જાદક્ષ અને સ્વસ્થ કૂકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં હોવાથી કૂકવેર અને કિચન એપ્લાયન્સિસમાં ઇનોવેશનના નવા પાસાં જોવા મળે છે, જેમાં પર્યાવરણલક્ષી અનુકૂળતા ઉપરાંત અધતન ટેકનોલોજી, ફેશન કલર્સ, સલામત સામગ્રીઓ, સ્માર્ટ કામગીરીઓ અને સુવિધાઓ સામેલ છે. સોલર કૂકર્સ, બ્રાઇટ કલર ધરાવતા ફૂડ પ્રોસેસર્સ, ન્યૂટ્રિઅન્ટ સેફ જ્યુશર્સ અને પરંપરાગત નોન-સ્ટિક પ્રકારના કૂકવેરનું સ્થાન લેતાં હેલ્થ-સેફ કોટિંગ્સ સાથે કૂકવેર ઓફર કરવા વિવિધ બ્રાન્ડ એકબીજા સાથે સ્પર્ધા કરી રહી છે.

રસપ્રદ બાબત એ છે કે, પરંપરાગત કાસ્ટ આયર્ન કૂકવેરનું પુનરાગમન થયું છે, પણ સ્વસ્થ વિકલ્પ તરીકે અને પ્રીમિયમ સ્વરૂપે!

હૉકિન્સ, વિનોદ કૂકવેર, મેયેર, યુનાઇટેડ એકતા, સ્ટૉલ, મહારાજા, ઓકે, ભાલારિયા, રોક્સ, એફએનએસ, મેકલાઇટ, સેલો, ડેઇલીવેર, રોકા, બ્લેક ડાયમન્ડ, ક્લાસિક એશેન્શિયલ્સ જેવી કેટલીક અગ્રણી બ્રાન્ડ્સ તેની કૂકવેરની લેટેસ્ટ રેન્જ પ્રદર્શિત કરશે.



United Ekta



Vinod



Meyer



Stahl

બજારના બદલાતા સ્થિતિસંજોગોને સમજીને પ્રેશર કૂકર્સમાં સુસ્થાપિત બ્રાન્ડ યુનાઇટેડ એકતા કેટલાંક નવા ઉત્પાદનો પ્રસ્તુત કરશે અને એની હાલની રેન્જમાં ઇનોવેશન કરશે. મિક્સર, ગ્રાઇન્ડર્સ, હેન્ડ બ્લેન્ડર્સ, ટોસ્ટર્સ, સેન્ડવિચ મેકર્સ, ઇલેક્ટ્રિક આયર્ન્સ જેવા કિચન અને હોમ એપ્લાયન્સિસની સંપૂર્ણપણે નવી રેન્જ HGH ઇન્ડિયાની આ એડિશનમાં પહેલી-વાર પ્રસ્તુત થશે. ઉપરાંત બ્રાન્ડે તેમના ઇન્ડક્શન કૂકટોપ્સમાં બોનેટ સ્ટેન્ડ નામની નવી ખાસિયત પ્રસ્તુત કરી છે, જે એની સાફસફાઈને અતિ સુવિધાજનક અને અસરકારક બનાવે છે. આ વિશિષ્ટ ખાસિયત ભારતમાં પહેલી વાર પ્રસ્તુત થઈ છે એવો દાવો બ્રાન્ડ કરે છે. પ્રેશર કૂકર્સ માટે ભારતમાં સૌથી જૂની બ્રાન્ડ્સ પૈકીની એક અને ઘરેઘરે જાણીતું નામ હૉકિન્સે પણ એની રેન્જને નવેસરથી પ્રસ્તુત કરી છે. પરંપરાગત એલ્યુમિનિયમ અને સ્ટેઇનલેસ સ્ટીલ પ્રેશર કૂકર્સ ઉપરાંત HGH ઇન્ડિયાની આ એડિશનમાં તેઓ ટ્રાઇ-પ્લાય અને ડાય-કાસ્ટ કૂકવેરની રેન્જ પ્રસ્તુત કરશે, જેમાં એપ પેન, ફ્રાઇંગ પેન અને ગ્રિલ પેન સામેલ છે.

અમેરિકાની સુપ્રસિદ્ધ કૂકવેર બ્રાન્ડ મેયેરએ અત્યારે ભારતીય બજારમાં પગદંડો જમાવ્યો છે, જે HGH ઇન્ડિયા ૨૨માં ઘણી નવી વિભાવ-નાઓ પ્રસ્તુત કરશે. બ્રાન્ડ એનેમેલ કાસ્ટ આયર્ન પોટ અને પેનની રેન્જ પ્રસ્તુત કરશે, જેથી કિંમત પ્રત્યે સભાન ઉપભોક્તાઓની માગ સંતોષી શકાશે અને ભારતમાં એના ગ્રાહકવર્ગમાં વધારો થશે. આ એની મેયર એસેન્ટ સીરિઝ પણ પ્રસ્તુત કરશે, જેમાં બ્રાન્ડ જુદી જુદી સાઇઝ અને અલગ-અલગ વપરાશના છ ફ્રાઇંગ પેનનું પેક ઓફર કરશે. આંતરરાષ્ટ્રીય ટ્રેન્ડમાંથી સમજણ મેળવીને મેયેર એની હેન્ડલ વિનાની કૂકવેરની ટસ્લા ટ્રાય-પ્લાય સીરિઝ પણ પ્રસ્તુત કરશે, જે પરંપરાગત ભારતીય કૂકવેરની યાદ અપાવે છે.

આધુનિક ટેકનોલોજી સાથે પરંપરાગત કૂકિંગ આઇડિયા અપગ્રેડ કરવા જરૂરી છે. કૂકિંગ સતત પરિવર્તનમાંથી પસાર થાય છે. કૂકવેર, કિચનવેર અને કિચન ઉપકરણોને વધારે કાર્યદક્ષતા, જગ્યાની બચત અને સુવિધા માટે સંકલિત કરવામાં આવ્યાં છે.

વર્ષ ૨૦૨૨ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સમગ્ર ભારતમાં રિટેલર્સે ટ્રાઇ-પ્લાય કૂકવેર, કોલ્ડ પ્રેસ્સ્ડ જ્યુશર્સ, ટોસ્ટર્સ, મિક્સર્સ અને હેન્ડ બ્લેન્ડર્સ જેવા ઇન્ડક્શન સક્ષમ અને સ્માર્ટ ઉપકરણો જેવા અધતન ટેકનોલોજી ધરાવતા ઉત્પાદનો માટેની માગમાં વધારો જોયો છે. આ ટ્રેન્ડ HGH ઇન્ડિયા ૨૦૨૨માં વધારે મજબૂત થવાની સાથે વિનોદ કૂકવેર, સ્ટૉલ, એફએનએસ, ભાલરિયા, સેલો અને અન્ય ઘણા જેવા માર્કેટ લીડર્સમાંથી કેટલાંક નવા લોંચ પણ જોવા મળશે.

# ટ્રેન્ડ્સ 2022/23

HGH ઇન્ડિયા ટ્રેન્ડ્ઝ હોમ પ્રોડક્ટ માર્કેટ પર સામાજિક, જીવનશૈલી અને ટેકનોલોજીકલ પરિવર્તનોના પ્રભાવને પ્રતિબિંબિત કરે છે. દર વર્ષે HGH ઇન્ડિયા આગામી રંગો, ડિઝાઇનો, સામગ્રીઓ અને સ્ટાઇલ્સની ધારણા વ્યક્ત કરે છે, જે ભારતીય બજારમાં હોમ ફેશન અને જીવનશૈલીના ટ્રેન્ડ્શમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે એવી શક્યતા છે.




"વિન્ડ્સ ઓફ ચેન્જ" – HGH ઇન્ડિયા દ્વારા પ્રસ્તુત આ ટ્રેન્ડ્સ વર્ષ ૨૦૨૨/૨૩ માટે વિકસતાં રંગો, ડિઝાઇનો અને સામગ્રીઓનું સુસંશોધિત સંકલન છે. તમને આગામી સિઝનોમાં તમારા નવા કલેક્શન બનાવવા કે મેળવવા આ ટ્રેન્ડ બુકમાં સંપૂર્ણ ડિઝાઇન કલેકશન જોવા મળશે. આ ટ્રેન્ડ્સ ચાર ગ્રૂપ – હીલિંગ ગ્રીન, ઇકો આર્ટિસ્ટ, પર્પલ એવેન્યૂ અને પીસફૂલ એમ્બરમાં ભારતીય બજાર માટે ૨૦૨૨-૨૩ માટે ડિઝાઇન પાસાં પ્રસ્તુત કરે છે. HGH ઇન્ડિયા ટ્રેન્ડ્સ ફોર ૨૦૨૨/૨૩ તમામ હોમ કેટેગરીઓમાં લાગુ છે – હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, હોમ ડિકોર, એસન્ટ ફર્નિચર, હાઉસવેર અને ગિફ્ટ્સ.

દુનિયામાં અનિશ્ચિતતાનું વાતાવરણ હોવા છતાં દુનિયાના નકશા પર ભારત સતત અગ્રેસર છે અને વધારે મજબૂત બનીને બહાર આવી રહ્યો છે. અહીં ઉપભોક્તાઓ અતિ આકાંક્ષી છે તથા એથનિક ફ્લેવર સાથે આધુનિક અને આંતરરાષ્ટ્રીય ઉત્પાદનો પસંદ કરે છે.

ઉત્પાદકો, બ્રાન્ડ્સ, રિટેલર્સ અને વ્યવસાયિકો આ ટ્રેન્ડ બુક તેમના પ્રોડક્ટ ડિઝાઇનોમાં ઇનોવેશન લાવવા અને આકાંક્ષી ભારતીય ઉપભોક્તાઓ સાથે જોડાણ સ્થાપિત કરવા ઉપયોગી પુરવાર થશે. આગળ વધો અને આ ટ્રેન્ડ્સનો ઉપયોગ કરીને તમારી ડિઝાઇનની સમજણ ચકાસો અને ભારતીય બજાર માટે વાસ્તવિક ઉત્પાદનોમાં નવીન ડિઝાઇનો ઊભી કરવા તેમને લાગુ કરો.

રિટેલર્સ અને મુલાકાતીઓ HGH ઇન્ડિયા ૨૦૨૨માં હોલ ૧૫માં ટ્રેન્ડ્સ પેવેલિયનમાં હોમ ફેશનના આગામી ટ્રેન્ડ્સની જાણકારી અને સમજણ મેળવી શકે છે, જે "વિન્ડ્સ ઓફ ચેન્જ" અંતર્ગત ચાર થીમની વાસ્તવિક ઉત્પાદન ઉપયોગિતા પ્રદર્શિત કરે છે.

તમે HGH ઇન્ડિયામાં આ ટ્રેન્ડ્સ પેવેલિયન અને અન્ય લોકેશનમાં વિન્ડ્સ ઓફ ચેન્જ નામની ટ્રેન્ડ બુકની તમારી પોતાની નકલ ખરીદી શકો છો.

# સરકાર અને ઉધોગનો સઘન ટેકો

છેલ્લાં એક દાયકામાં HGH ઇન્ડિયાની સાઇઝ અને તેનો દરજ્જો વધવાની સાથે આ પ્રદર્શને તેના પ્રદર્શકો અને મુલાકાતીઓને સતત સારાં વ્યવસાયિક પરિણામો આપ્યાં છે. આજે આ ટ્રેડ શૉને ભારત અને દુનિયામાં સમગ્ર ભારતમાં ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાંથી ૩૬,૦૦૦થી વધારે ખંતીલા ટ્રેડ ગ્રાહકો સાથે એના પ્રદર્શકોને જોડાણ કરવા ભારતીય સ્થાનિક બજારને અસરકારક મંચ તરીકે માન્યતા મળી છે. HGH ઇન્ડિયામાં પ્રદર્શકોમાં પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય અને ભારતીય બ્રાન્ડ્સ, ડિઝાઇનરો, મોટા ઉત્પાદકો, એમએસએમઈ એકમો, આયાતકારો અને નિકાસકારો સામેલ છે. બજારના લીડર્સ અને સર્વોચ્ચ ભારતીય બ્રાન્ડ્સથી લઈને તમામ ખંડોના ૩૨ દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓ નિયમિતપણે HGH ઇન્ડિયામાં પ્રદર્શન કરે છે.

HGH ઇન્ડિયાના સૌથી મોટા લાભાર્થીઓમાં સામેલ છે – હસ્તકળાઓ, હાથવણાટ અને કુટિર ક્ષેત્રો, જે ભારતના રાષ્ટ્રીય બજારમાં લાંબા ગાળા માટે પ્રવેશદ્વાર સમાન છે. આ પ્રકારના નાનાં ઉત્પાદકો વધુને વધુ સંખ્યામાં સુસ્થાપિત ઓફલાઇન અને ઓનલાઇન રિટેલ ચેઇન્સ સાથે દર વર્ષે જોડાઈ રહ્યાં છે. સમગ્ર ભારતમાંથી ૫૦૦ શહેરો અને નગરોમાંથી ૩૬,૦૦૦ ખંતીલા ટ્રેડ ગ્રાહકોમાંથી ૭૦ ટકાથી વધારેએ ખરીદી, ટ્રેન્ડ્સ અને બજારની જાણકારી મેળવવા માટે તેમના વાર્ષિક કેલેન્ડરમાં HGH ઇન્ડિયાને સામેલ કરી દીધો છે. ભારતમાં હોમ કેટેગરી (ઓફલાઇન અને ઓનલાઇન રિટેલર્સ સહિત) ટોચની ૧૦૦ રિટેલ ચેઇન અને વિતરકોમાંથી ૯૫ ટકા HGH ઇન્ડિયાની નિયમિતપણે મુલાકાત લે છે. HGH ઇન્ડિયાના ૯૦ ટકાથી વધારે મુલાકાતીઓ વરિષ્ઠ નિર્ણયકર્તાઓ છે. ઉપરાંત આશરે ૨૮ દેશોમાં ટ્રેડ ગ્રાહકો પણ નિયમિતપણે HGH ઇન્ડિયાની મુલાકાત લે છે, જેમાંથી મુખ્યત્વે એશિયા અને આફ્રિકામાં વિકાસશીલ બજારો સામેલ છે. આ એક્ષ્પો હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હાઉસવેર અને





ગિફ્ટ્સની કેટેગરીઓમાં ભારતીય ઉત્પાદનો માટે વણખેડાયેલા નિકાસ સંભવિતતા ઊભી કરે છે.

HGH ઇન્ડિયાની નાનાં અને મધ્યમ ઉધોગસાહસોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રિટેલર્સ, આયાતકારો અને સંસ્થાગત ગ્રાહકોને જોડે છે, ભારત સરકારના ટેક્સટાઇલ્સ મંત્રાલય અને એમએસએમઇ મંત્રાલય, ભારત સરકારના ટેક્સાટઇલ્સ મંત્રાલય અંતર્ગત હેન્ડિક્રાફ્ટ્સના ડેવલપમેન્ટ કમિશનર અને હેન્ડલૂમના ડેવલપમેન્ટ કમિશનર, ઉત્તરપ્રદેશની સરકાર, હરિયાણાની સરકારે HGH ઇન્ડિયાને થોડા શૉમાં માન્યતા આપી છે, જે માટે લાયકાત ધરાવતા પ્રદર્શકો તેમની વિવિધ યોજનાઓ હેઠળ બજાર વિકાસની ગ્રાન્ટ કે સબસિડીનો દાવો કરી શકે છે, તેમની ભાગીદારીના અસરકારક ખર્ચને ઘટાડી શકે છે.

હસ્તકળાઓ માટે નિકાસ સંવર્ધન પરિષદ (ઇપીસીએચ), રાષ્ટ્રીય શણ મંડળ (એનજેબી), નેશનલ ડિઝાઇન સેન્ટર (એનડીસી), નોર્થ ઇસ્ટ સેન્ટર ફોર ટેકનોલોજી એપ્લિકેશન એન્ડ રિસર્ચ (એનઇસીટીએઆર), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્પેટ ટેકનોલોજી (આઇઆઇસીટી), નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએચડીસી), ઇસ્ટર્ન ઉત્તર પ્રદેશ એક્સ્પોર્ટર્સ એસોસિએશન (ઇયુપીઇએ), ડિરેક્ટોરેટ ઓફ હેન્ડલૂમ એન્ડ હેન્ડિક્રાફ્ટ્સ ઓફ કાશ્મીર (ડીએચએચકે), આંધ્રપ્રદેશ હેન્ડિક્રાફ્ટ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ જેવી ઉધોગની અગ્રણી સુસ્થાપિત સંસ્થાઓ નિયમિતપણે તેમના સભ્યોની ભાગીદારીનું આયોજન કરે છે. HGH ઇન્ડિયા ૨૨માં પણ તેમના સભ્યો વિશિષ્ટ અને ઇનોવેટિવ હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હાઉસવેર અને ગિફ્ટ ઉત્પાદનો – મોટા ભાગના હસ્તકળાથી બનેલાની વિવિધતા પ્રસ્તુત કરશે, જે રિટેલર્સ અને સંસ્થાગત ગ્રાહકો માટે ખરીદવા નવું પરિણામે લાવે છે.

છેલ્લાં ૧૧ વર્ષમાં HGH ઇન્ડિયા હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ, હોમ ફર્નિચર, હોમ ડિકોર, હાઉસવેર એન્ડ ગિફ્ટ્સ માટે ઝડપથી વિકસતા ભારતીય બજાર પર કેન્દ્રિત પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે સ્પષ્ટપણે વિશ્વસનિય પસંદગી અને સૌથી પસંદગીના ટ્રેડ શૉ તરીકે બહાર આવ્યો છે. સ્પષ્ટ છે કે, આ વ્યવસાયોમાં તમામ હિતધારકો – સરકાર, ખાનગી કે આંતરરાષ્ટ્રીય - HGH ઇન્ડિયા સાથે ઘર જેવી લાગણી ધરાવે છે!

## વિઝિટર પ્રોફાઇલ

HGH ઇન્ડિયા ૨૨ની ઓટોમન/વિન્ટર એડિશન ૧૨થી ૧૫ જુલાઇ, ૨૦૨૨ સુધી ઇન્ડિયા એક્ષ્પો સેન્ટર, ગ્રેટર નોઇડામાં યોજાશે, જેમાં સમગ્ર ભારતમાંથી ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાંથી હજારો પ્રી-રજિસ્ટ્રેશ રિટેલર્સ અને ટ્રેડ બાયર્સ વચ્ચે ઊંચા રસને દર્શાવે છે. આ મુલાકાતીઓની બિઝનેસ પ્રોફાઇલ્સમાં રિટેલર્સ, વિતરકો, આયાતકારો, નિકાસકારો, હોલસેલર્સ, એજન્ટ, લાર્જ ફોર્મેટ સ્ટોર્સ, સંસ્થાગત ગ્રાહકો, આર્કિટેક્ટ, ઇન્ટેરિઅર ડિઝાઇનર્સ અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સામેલ છે. ૯૦ ટકા મુલાકાતીઓ તેમની કંપનીઓમાં ખરીદી અને વ્યવસાય માટે નિર્ણય લેવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા વરિષ્ઠ અધિકારીઓ છે. તેમનો ઉદ્દેશ તહેવારની આગામી સિઝન માટે ખરીદી કરવાનો, ઇનોવેટિવ ઉત્પાદનો શોધવાનો, નવા વ્યવસાયિક વિચારો મેળવવાનો અને ૨૦૨૨/૨૩ માટે આગામી ફેશન ટ્રેન્ડને ઓળખવાનો તથા બજાર અને ઉદ્યોગની દિશાઓ માટે ઉપયોગી જાણકારીઓ મેળવવાનો છે, જે તેમને તેમના વ્યવસાયને વધારવામાં મદદરૂપ થશે. HGH ઇન્ડિયા ૨૨ તેમને નિયમિત સપ્લાયર્સને મળવાની અને નવા સ્તોત્રો સાથે જોડાવાની મોટી તક પણ આપશે.

ચાલુ વર્ષે મુલાકાતીઓની નોંધણી ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી જોવા મળી છે. મેટ્રો અને દિલ્હી, મુંબઇ, બેંગાલુરુ, ચેન્નાઇ, કોલકાતા, અમદાવાદ, હૈદરાબાદ, પૂણે, નાગપુર, લુધિયાણા, જયપુર, ચંદીગઢ અને ઇન્દોર જેવા મોટા શહેરોમાંથી ટોચના રિટેલર્સ ઉપરાંત તમામ રાજ્યોની રાજધાનીઓ તેમજ ટિઅર ૨ અને ટિઅર ૩ શહેરો અને નગરોમાંથી મોટી સંખ્યામાં રિટેલર્સ નોંધણી કરાવી છે, જે સ્પષ્ટપણે ભારતીય હોમ પ્રોડક્ટ્સની વધતી પહોંચ અને સમગ્ર દેશમાંથી HGH ઇન્ડિયામાં મુલાકાતીઓમાં વધારાને સૂચવે છે.

૨૪ દેશોમાંથી ૨૦૦થી વધારે આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ પણ નોંધણી કરાવી છે, જેઓ મુખ્યત્વે વિકાસશીલ બજારોના છે, જે HGH ઇન્ડિયાને એના પ્રદર્શકો મટે રસપ્રદ નિકાસ બજાર બનાવે છે.

## HGH ઇન્ડિયા ૨૦૨૨

### મુલાકાતીઓ માટેનો સમય

- ૧૨ જુલાઈઃ સવારે ૯.૦૦થી સાંજના ૬.૩૦
- ૧૩ જુલાઈઃ સવારે ૯.૦૦થી સાંજના ૬.૩૦
- ૧૪ જુલાઈઃ સવારે ૯.૦૦થી સાંજના ૬.૩૦
- ૧૫ જુલાઈઃ સવારે ૯.૦૦થી સાંજના ૫.૦૦

HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
INDIA EXPO CENTRE, GREATER NOIDA, DELHI NCR

12-15 JULY 2022
11th EDITION

## ટ્રેડ વિઝિટર્સ!
## ૪ જુલાઇ, ૨૦૨૨ સુધી ઓનલાઇન નોંધણી કરાવે અને રૂ. ૧,૦૦૦/-ની એન્ટ્રી ફી બચાવે

HGH ઇન્ડિયા ૨૦૨૨ ૧૨થી ૧૫ જુલાઇ, ૨૦૨૨ સુધી દિલ્હી એનસીઆરમાં યોજાઇ રહ્યો છે.
૪૦૦થી વધારે બ્રાન્ડ અને ઉત્પાદકોનાં ઇનોવેટિવ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પર એક નજર નાંખીએ....
૨૦૨૨/૨૩ માટે અંદાજિત ફેશન અને લાઇફસ્ટાઇલ ટ્રેન્ડ્સથી પ્રેરિત.
તમારા હરિફો ખરીદી કરે એ અગાઉ તમે ખરીદો

### પ્રદર્શન માટે ઉત્પાદનો




**હોમ** ટેક્સટાઇલ્સ ફર્નિશિંગ ફેબ્રિક્સ, પડદા અને બ્લાઇન્ડ્સ, બેડ લિનેન, ડેકોરેટિવ મેડ-અપ્સ, મેટ્રેસ્સીસ અને પિલો, કાર્પેટ, બાથ લિનેન, ટેબલ એન્ડ કિચન લિનેન. **હોમ ડિકોર** સીલિંગ, વોલ, વિન્ડો, ફ્લોર કવરિંગ, ટેબલ ટોપ્સ, ડેકોરેટિવ એક્સેસરીઝ, લાઇફસ્ટાઇલ. **હોમ ફર્નિચર** કોફી ટેબલ્સ, મેગેઝિન રેક્સ, વોલ સેપેરટેર્સ, બીન બેગ્સ, સિંગલ ચેર્સ, રેક્સ એન્ડ ટ્રોલીઝ, એસન્ટ ફર્નિચર, સોફા, બેડ સેટ, અલમારી, બેબી એન્ડ કિડ્સ ફર્નિચર, આઉટડોર ફર્નિચર. **ગિફ્ટ્સ** કોર્પોરેટ, પર્સનલ અને ફેસ્ટિવ. **હાઉસવેર** કિચન એપ્લાયન્સિસ, કિચનવેર, કૂકવેર, ટેબલવેર, બાથરૂમ, મેઇન્ટેનન્સ, ક્લીનિંગ, સ્ટોરેજ, આઉટડોર. **સર્વિસીસ**

### એક્સક્લૂઝિવ ફાયદા લો

- HGH ઇન્ડિયા ૨૦૨૨માં નિઃશુલ્ક પ્રવેશ મેળવો
- પ્રી-રજિસ્ટર્ડ મુલાકાતી તરીકે સ્થળ પર તમારી બેજ મેળવવાનો સમય બચાવો. તમે તમારા ઓનલાઇન રજિસ્ટ્રેશન પછી તમને મોકલવામાં આવેલા પ્રી-રજિસ્ટ્રેશન ક્યુઆર કોડ સાથે તમારી બેજ સીધી પ્રિન્ટ કરી શકો છો.
- HGH ઇન્ડિયા ૨૦૨૧ કેટાલોગની એક નકલ નિઃશુલ્ક મેળવો.
- HGH ઇન્ડિયાની બોનાફાઇડ મુલાકાતીઓ માટે પૂરક હોટ લોંજ, ફ્રૂટ લોંજ, પોપ કોર્ન લોંજ અને શટલ બસ સર્વિસ તથા અન્ય સુવિધાઓનો ઉપયોગ કરો..

આ બેનિફિટ્સ મેળવવા અને સ્પોટ રજિસ્ટ્રેશન ફી બચાવવા તમારે 4 જુલાઈ, 2022 અગાઉ અમારી વેબસાઇટ www.hghindia.com પર ઓનલાઇન નોંધણી કરાવવી પડશે

### ફ્રી વિઝિટર રજિસ્ટ્રેશનની માર્ગદર્શિકા

- ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન નિઃશુલ્ક પ્રવેશ માટે ફરજિયાત છે. ઓનલાઇન નોંધણી ન ધરાવતા તમામ મુલકાતીઓને ટ્રેડ શોમાં પ્રવેશ મેળવવા રૂ. ૧,૦૦૦/-ની સ્પોટ રજિસ્ટ્રેશન ફી ચુકવવી પડશે.
- પ્રદર્શકો કે આયોજક પાસેથી પ્રાપ્ત થયેલું ઇન્વિટેશન કાર્ડ તમને ટ્રેડ શોના સ્થળ પર ફ્રી સ્પોટ રજિસ્ટ્રેશન માટે અધિકાર આપતું નથી
- ઓનલાઇન વિઝિટર નોંધણી માટેની છેલ્લી તારીખઃ ૪ જુલાઈ, ૨૦૨૨

#### નિયમિત મુલાકાતી માટે ઓનલાઇન વિઝિટર નોંધણી સાથે નિઃશુલ્ક પ્રવેશ માટેના સ્ટેપ

1. www.hghindia.com પર "વિઝિટર રજિસ્ટ્રેશન" પર ક્લિક કરો અથવા ઉપરોક્ત ક્યુઆર કોડ સ્કેન કરો.
2. તમારો રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી એન્ટર કરો.
3. સેન્ડ ઓટીપી પર ક્લિક કરો.
4. તમારા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી પર પ્રાપ્ત ઓટીપીને એન્ટર કરો.
5. તમારું પ્રી-ફિલ ફોર્મ ખુલશે. ફોર્મમાં વિગત ચકાસો (નામ, સરનામું, ટેલીફોન, મોબાઇલ નંબર અને ઇમેલ આઇડી).
6. ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન ફોર્મ ભરો.
7. ઇમેલ અને એસએમએસ પર તમારો વિઝિટર રજિસ્ટ્રેશ નંબર અને ક્યુઆર કોડ મેળવો, જે તમારા રજિસ્ટ્રેશનની પુષ્ટિ કરે છે.
8. તમારા મોબાઇલ પર કે ટ્રેડ શોમાં પ્રિન્ટ ફોર્મેટમાં તમારો વિઝિટર રજિસ્ટ્રેશન નંબર કે ક્યુઆર કોડ રાખો.
9. HGH ઇન્ડિયા ૨૦૨૨ના પ્રી રજિસ્ટર્ડ વિઝિટર્સ ડેસ્ક પર તમારા બેજને પ્રિન્ટ કરવા તમારો રજિસ્ટ્રેશન નંબર રજૂ કરો અથવા તમારો ક્યુઆર કોડ સ્કેન કરો.

#### નવા મુલાકાતી માટે ઓનલાઇન વિઝિટર નોંધણી સાથે નિઃશુલ્ક પ્રવેશ માટેના સ્ટેપ

1. www.hghindia.com પર "વિઝિટર રજિસ્ટ્રેશન" પર ક્લિક કરો અથવા ઉપરોક્ત ક્યુઆર કોડ સ્કેન કરો.
2. તમારો મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી એન્ટર કરો.
3. સેન્ડ ઓટીપી પર ક્લિક કરો.
4. તમારા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી પર પ્રાપ્ત ઓટીપીને એન્ટર કરો.
5. ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ ભરો.
6. ઇમેલ અને એસએમએસ પર તમારો વિઝિટર રજિસ્ટ્રેશ નંબર અને ક્યુઆર કોડ મેળવો, જે તમારા રજિસ્ટ્રેશનની પુષ્ટિ કરે છે.
7. તમારા મોબાઇલ પર કે ટ્રેડ શોમાં પ્રિન્ટ ફોર્મેટમાં તમારો વિઝિટર રજિસ્ટ્રેશન નંબર કે ક્યુઆર કોડ રાખો.
8. HGH ઇન્ડિયા ૨૦૨૨ના પ્રી રજિસ્ટર્ડ વિઝિટર્સ ડેસ્ક પર તમારા બેજને પ્રિન્ટ કરવા તમારો રજિસ્ટ્રેશન નંબર રજૂ કરો અથવા તમારો ક્યુઆર કોડ સ્કેન કરો.

### મહત્વપૂર્ણ સૂચનાઓ

1. HGH ઇન્ડિયામાં નિઃશુલ્ક પ્રવેશ માટે એન્ટ્રી બેજ તમારો અંગત અધિકાર છે અને સંપૂર્ણપણે નોન-ટ્રાન્સફરેબલ છે.
2. જો તમે અગાઉના વર્ષોમાં HGH ઇન્ડિયામાં રજિસ્ટર્ડ વિઝિટર છો, તો કૃપા કરીને ઓર્ગેનાઇઝર્સમાંથી તમારો રેફરન્સ નંબર શોધો અને HGH ઇન્ડિયા ૨૦૨૨ માટે તમારી ઓનલાઇન રજિસ્ટ્રેશનને રિન્યૂ કરાવવા માટે એનો ઉપયોગ કરો.
3. HGH ઇન્ડિયા ૨૦૨૨માં નિઃશુલ્ક પ્રવેશ મેળવવા માટે અગાઉના તમામ વિઝિટર્સ દ્વારા રજિસ્ટ્રેશનનું રિન્યૂઅલ ફરજિયાત છે. જો રિન્યૂ નહીં કરાવો, તો સ્પોટ રજિસ્ટ્રેશન ફી રૂ. ૧,૦૦૦/- ચુકવવા પડશે.
4. HGH ઇન્ડિયા સંપૂર્ણપણે એક ટ્રેડ શૉ છે. એટલે ઉપભોક્તાઓને પ્રવેશની છૂટ નથી. રિટેલ ખરીદીની છૂટ નથી. રિટેલ ખરીદી કરશો તો વિઝિટર તરીકે તમને ગેરલાયક ઠરાવી શકાશે.
5. ૧૫ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકોને પ્રવેશની છૂટ નથી.
6. ઓર્ગેનાઇઝર્સ પોતાના વિવેકાનુસાર કોઇ પણ વિઝિટરને પ્રવેશ ન આપવાનો અધિકાર ધરાવે છે.

**વધારે સહાય અને પૂછપરછ માટે કૃપા કરીને સંપર્ક કરો**

શ્રી અમર શર્માઃ +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૨૮૬ / શ્રી એલાકા અન્સારીઃ +૯૧ ૯૯ ૩૦૧ ૭૨૯૭૩ ઇમેલઃ visitors@hghindia.com

**www.hghindia.com**

વધારે માહિતી મેળવવા અમારી વેબસાઇટ www.hghindia.comની મુલાકાત લો અથવા કોલ કરોઃ મુંબઈઃ ટેલીફોન. +91 (22) 2421 4111, દિલ્હીઃ ટેલીફોન. +91 (11) 2571 4111 ઇમેલઃ visitors@hghindia.com